ગાંધીનગર સમાચાર



# ભારત - રશિયાની અમર મૈત્રી

**તંત્રીસ્થાનેથી...**

લીલીસૂકીમાં હરહંમેશ એકબીજાની પડખે રહેતા મિત્રોની જેમ રશિયા અને ભારત સમયનાં બદલાતાં વહેણ અને સમીકરણો વળોટી વફાદાર મિત્રો તરીકે વર્તતા દેશો તરીકે દુનિયાભરમાં જાણીતા છે. રશિયાએ એક તબક્કે સૈન્ય શક્તિ અને અંતરિક્ષ ક્ષેત્રે મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. અમેરિકાને ભોંઠપ લાગે એમ એ કૂદને ને ભૂસકે આગળ ધપતું રહ્યું હતું. ત્યારે એ યુએસએસઆર નામે ઓળખાતું શક્તિશાળી રાષ્ટ્ર હતું. એનું હુલામણું નામ સોવિયેટ રશિયા હતું. એ નામનાં મેગેઝિન તમામ ભાષાઓમાં છપાતાં હતાં. સોવિયેટ રશિયા સાહિત્ય ક્ષેત્રે નામાંકિત સર્જકોની ભોમકા હતી. ટોલ્સ્ટોય, દોસ્તોયેવ્સ્કી, પુશ્કિન, માયકોવ્સ્કી અને એન્ટન ચેખોવ જેવા મહાન સર્જકોની આ ભૂમિએ વિજ્ઞાનક્ષેત્રે કરેલી પ્રગતિને કારણે એ વિશ્વનો પહેલો અંતરિક્ષવિજેતા દેશ બની ગયો હતો. અમેરિકા સાથેનું શીત યુદ્ધ વર્ષો સુધી ચાલતું રહ્યું અને આ સામ્યવાદી રાષ્ટ્રસમૂહને એક તબક્કે ટુકડાઓમાં વહેંચી નાખવામાં લુચ્ચા શિયાળ જેવું અમેરિકા સફળ પણ થઈ ગયું. પરંતુ ગોર્બોચોવ અને યેલ્તસીનના નેતૃત્વમાં નબળું અને દેવોળિયું બની ગયેલું રશિયા એના નવા નેતા વ્લાદિમીર પુતિનના ઉદય સાથે આળસ મરડીને બેઠું થઈ ગયું - ફરી એકવાર એ અમેરિકા સામે ઘુંકારિયાં કરતું થઈ ગયું છે. સિરિયાના ગૃહયુદ્ધમાં રશિયાએ અમેરિકાની વિરુદ્ધનું વલણ લીધું હતું છતાં એમરિકા એનો વાળ વાંકો નહોતું કરી શક્યું. પુતિનનું નેતૃત્વ રશિયાને ફળ્યું છે. આ કસરતબાજ નેતાએ રશિયાને ફરી એક વાર એનું ગુમાવેલું સ્થાન સંપડાવવા કમર કસી છે. ભારત સાથે રશિયાના સંબંધો હરહંમેશ હૂંફાળા રહ્યા છે. અમેરિકાએ દૂધમાં ને દહીંમાં પગ રાખી વારંવાર ભારતને છેતર્યું છે, પણ પડતી બૂમે રશિયા એના શસ્ત્ર સરંજામ સાથે ભારતની પડખે રહ્યું છે. ચીન અને અમેરિકા - બેઉને કઠે એવી આ મૈત્રી છે. પૂર્વ રશિયાના વિકાસ માટે લથડી રહેલી ઈકોનોમી વેળાએ ભારત રશિયાને એક અબજ ડૉલરની માતબર રકમ લોન પેટે આપે છે તે બે દેશો વચ્ચેની મૈત્રીનો જ નહીં, ભારતના આર્થિક સામર્થ્યનો પણ જીવતોજાગતો પુરાવો છે. મોદી અને પુતિનની કેમિસ્ટ્રી એ હદે મળે છે કે તેઓ રાતના એક વાગ્યા સુધી ટોળટપ્પાં કરી શકે છે. અમેરિકાએ લાદેલાં નિયંત્રણોની ઐસીતૈસી કરીને એશિયાના આ બે મહાન દેશો પોતાની દોસ્તી નિભાવી રહ્યા છે. રશિયાનો ઘણો મોટ ભાગ યુરોપ ખંડમાં છે, અને સાઈબેરિયન પંખીડાંને હૂંફાળો શિયાળો માણવા ભારતમાં - સવિશેષ નળસરોવર કે થોળના તળાવ જેવા ગુજરાતનાં જળાશયોમાં સંવનનઋતુ ગાળવી ગમે છે, તે જ શું સૂચક નથી?

# કહ દીયા ના... બસ કહ દીયા!




**કહ દીયા ના... બસ કહ દીયા!**

**- કભી ખુશી કભી ગમ**

ઈ.સ. ૨૦૦૧ની બ્લોકબસ્ટર ફિલ્મ 'કભી ખુશી કભી ગમ' કરણ જોહર દિગ્દર્શિત અને યશ જોહર નિર્દેશિત હતી. અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, જયા ભાદુરી (બચ્ચન), કાજોલ, કરીના કપૂર, રીતિક રોશન, રાની મુખર્જી જેવા દિગ્ગજ કલાકારોનો જમાવડો આ ફિલ્મમાં હતો.

આ ફિલ્મનાં સંવાદ પણ કરણ જોહરે જ લખ્યા હતા, અને 'ઉત્તમ સંવાદ' માટે ફિલ્મને 'ફિલ્મ ફૅર' એવોર્ડ પણ મળ્યો હતો.

ફિલ્મમાં આ સંવાદ અમિતાભ બચ્ચન વારંવાર બોલે છે, અને ફિલ્મના અંત ભાગમાં જયા બચ્ચન કે જે કાયમ તેના પતિના સૂરમાં સૂર પુરાવીને મૂક બની જતી હોય છે, તે અંતિમ સમયમાં પહેલીવાર ઊંચા અવાજે અમિતાભ બચ્ચનને 'કહ દીયા ના... બસ કહ દીયા !' સંવાદ સંભળાવી દે છે.

મજાની વાત એ છે કે હમણાં જ સંસ્કૃત ગદ્ય સમ્રાટ બાણભટ્ટની ઉત્તમ કવિ 'હર્ષચરિતમ્' વાંચતી વખતે આવો જ એક સંવાદ નજરે ચડ્યો...

**ભવ્યા : ન દ્વિરુચ્ચારયન્તિ વાચમ્ ।**

**- હર્ષચરિતમ્**

ભવ્યજનો બે વાર વાણી ઉચ્ચારતા નથી.

ઈ.સ. સાતમી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયેલા ગદ્યસાહિત્યના નિષ્ણાત બાણભટ્ટને સમ્રાટ હર્ષે 'વશ્યવાણી કવિચક્રવર્તી'નું બિરુદ આપ્યું છે.

મુખ્યત્વે 'કાદમ્બરી' અને 'હર્ષચરિત' આ બે કૃતિના સર્જક બાણભટ્ટને માનવામાં આવે છે.

પ્રસ્તુતિ પંક્તિ 'હર્ષચરિત' માંથી લેવામાં આવી છે. આ કૃતિનું કથાનક બાણના આશ્રયદાતા રાજવી સમ્રાટ હર્ષનું જીવનચરિત્ર છે. અને આ આખ્યાયિકા ગ્રંથ 'આઠ ઉચ્છવાસ' એટલે કે આઠ વિભાગમાં વિભાજીત છે.

બાણભટ્ટ અને કરણ જોહર જેવા સર્જકોના મન સંસ્કૃત સાહિત્યના સેતુથી જોડાયેલા છે, તે આ પંક્તિ સામ્યથી ફલિત થાય છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

# રવિવારે 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ




વૃત્તસંચય

● મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યને અને સાહિત્ય સંબંધિત કલા વારસાને જાળવવાના પ્રચાર-પ્રસાર અને નવોદિતોને સાહિત્યમાં રસ લેતા કરવાના હેતુસર, ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાતા કાર્યક્રમોમાં; 'સર્જક સાથે એક સાંજ' કાર્યક્રમ અંતર્ગત; ગુજરાતી રંગભૂમિના અને ફિલ્મોના જાણીતા કલાકાર, સર્જક-લેખક અને દિગ્દર્શક રમેશ કરોલકર, હાજર રહી, ફિલ્મ જગતની તેઓની અનુભવ કથા રજૂ કરશે, તેમજ તેઓની આગામી ફિલ્મ 'બજાબા' ની સર્જન પ્રક્રિયા વિષે વાતો કરશે અને શ્રોતાઓ સાથે સાહિત્યિક ગોષ્ઠિ કરશે, તો આ કાર્યક્રમને માણવા, તા. ૮મી સપ્ટેમ્બર, ૨૦૧૯ને રવિવારના રોજ સાંજના ૫.૦૦ વાગે, યુથ હોસ્ટેલ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે અચૂક પધારવા, ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો, મહાનુભાવો, રસિકો-ભાવકોને પ્રમુખ નટવર હેડાઉ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

● વિશ્વ પુસ્તક દિને, વીરમાયા વિષયક કંઠસ્થ પરંપરાના સાહિત્ય અંગના, ડૉ. નિરસિંહદાસ વણકર લિખિત - સંપાદિત પુસ્તકનું વિમોચન, લોકસભા (પશ્ચિમ)ના સાંસદ ડૉ. કિરીટભાઈ સોલંકી, અસારવા મત વિસ્તારના ધા.સ. પ્રદિપભાઈ, પૂર્વ કલેકટર ઝવેરભાઈ ચાવડા, ગુજરાતી અનુસૂચિત જાતિ વિકાસ નિગમના પૂર્વ ચેરમેન રમેશભાઈ સોલંકી તથા અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં, અમદાવાદ સરકીટ હાઉસ ખાતે થયું. ઉપસ્થિત મહાનુભાવોએ શહીદવીર મેઘમાયાને યાદ કરી, જનકલ્યાણ માટેના બલિદાનને યાદ કરી, શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

-muljibhaidhadhi@gmail.com, Mo. 9824236893

# સાત ચક્રો વિષે જાણવા જેવું

(ગઈકાલથી આગળ...)

૩. સૌર પ્લેક્સસ ચક્ર – મણિપુરા :

મણિપુરા ચક્ર નું સ્થાન ક્યાં છે ? નાભિ પાછળ કરોડરજ્જુમાં સ્થિત મેનિપુરા ચક્ર છે.મનિપૂરા ચક્ર એ શક્તિની સીટ છે આ ચક્ર વ્યક્તિત્વને જાણવાની ક્ષમતા સાથે પણ સંકળાયેલ મણિપુરા તેનો અર્થ ચક્રની શક્તિને સભાનપણે ઉપયોગ કરવો. તેનો અર્થ એ થાય કે સક્રિય અથવા નિષ્ક્રિય હોવાને બદલે સક્રિય બનવું. નાભિ અને સૌર ચેતાક્ષ વચ્ચે સ્થિત મણિપુરા ચક્ર વ્યક્તિત્વ,ઓળખ અને અહંકારનો મુખ્ય ભાગ છે. ત્રીજો ચક્ર આત્મ-સન્માન, ઈચ્છાશક્તિ, સ્વ-શિસ્ત તેમજ વ્યક્તિત્વમાં ઉષ્માનું કેન્દ્ર છે. અગ્નિ તત્વ,પીળો રંગ , દસ કમળની પાંખડીઓ, એન્ડ્રોકિન -ગ્રંથિ એડ્રેનલ, સ્વાદુપિંડ , શારીરિક જોડાણ - પાચનતંત્ર, યકૃત, પિત્તાશય , ૧૮ - ૪૨ મહિના વિકાસશીલ તબક્કો,ગ્રહો- સૂર્ય અને મંગળ. આ ચક્રને કેવી રીતે સંતુલિત કરવું? આ ચક્રને સંતુલિત કરવા યોગનો ઉપયોગ થી મૂળ શક્તિ પર ધ્યાન કેન્દ્રિત કરો તે આસન પસંદ કરો.



૪. હાર્ટ ચક્ર – અનાહતા :

અનહતા ચક્ર નું સ્થાન ક્યાં છે ? કરોડરજ્જુ પાછળ, કરોડરજ્જુમાં સ્થિત, અનહતા ચક્ર છે.હૃદય ચક્ર તમારા અસ્તિત્વનું કેન્દ્ર છે. હૃદય ચક્ર પ્રેમ, ઉમંગ, કરુણા, અને આનંદના કુળ હૃદયના સ્તર પર છાતીના કેન્દ્રમાં સ્થિત છે. લોકો સાથે સંબંધોનું , કાળજી અને દયાની ભાવના, સ્વ-પ્રેમની ભાવના, પરમપવિત્રતા, ઉદારતા, દયા અને આદર એક સંકલનશીલ અને એકરૂપ ચક્ર છે જીવન અને બ્રહ્માંડ દ્વારા વિસ્તૃત સંબંધોના ગૂંચવણભર્યા વેબની અંતર્ગત જોડાયેલા હોવાથી પવિત્ર અને મૂળભૂત સત્યના સંપર્કમાં રહેવાની એકસાથે જોડે છે. વિશ્વની મોટા ભાગની આધ્યાત્મિક પરંપરાઓ પ્રેમને એકીકૃત બળ, બ્રહ્માંડનો સૌથી મૂળભૂત ભાગ શક્તિ તરીકે ઓળખે છે. વાયુ તત્વ, વાદળી રંગ, બાર કમળ ના પાંદડીઓ,એન્ડ્રોકિન ગ્રંથિ - થિમસ, શારીરિક જોડાણ - હાર્ટ, ફેફસાં, રુધિરાભિસરણ તંત્ર અને હાથ, ૩.૫ થી ૭ વર્ષ વિકાસશીલ તબક્કો , ગ્રહો - શુક્ર અને સૂર્ય,દેવતા - વિષ્ણુ, લક્ષ્મી, કૃષ્ણ. અનહતા ચક્રની અસંતુલન થી એકલતા અને અલગતા, નિષ્ક્રિય સંબંધો સહ-નિર્ભરતા અને ભેદભાવ,બૌદ્ધિક સમસ્યાઓ અને ક્રૂરતાના લક્ષણો પણ હોઈ શકે છે. ફેફસાની સમસ્યાઓ, હૃદયની સમસ્યાઓ અને ઉપલા પીઠની સમસ્યાઓ આ ચક્રને અવરોધિત કરવા તરફ નિર્દેશ કરે છે. આ ચક્ર કેવી રીતે સંતુલિત કરવું? તમને દુઃખ પહોંચાડનારાઓને માફ કરો. આ ચક્રમાં ઘણાં અવરોધો ભૂતકાળમાં દુઃખ, ગુસ્સો અથવા દુઃખને લીધે થાય છે. આ લાગણીઓને છોડી દેવાથી અવરોધ દૂર થઈ શકે છે. યોગ હંમેશા તમારા ચક્રને સંતુલિત કરવામાં મદદ કરે છે.


૫. ગળા ચક્ર – વિશુદ્ધી

વિશુદ્ધિ ચક્ર નું સ્થાન ક્યાં છે? ગળાના પાછલા ભાગમાં સ્થિત, વિશુદ્ધિ ચક્ર, શુદ્ધિકરણ કેન્દ્ર છે. વિશુદ્ધિ ચક્રનો શુદ્ધ વાદળી હૃદય ચક્રમાં લાગણીઓની લીલી અને ત્રીજી આંખ ચક્રની નળીની તર્ક વચ્ચેનો સંબંધ છે. આ ચક્ર વિચારો અને લાગણીઓને સંશ્લેષણ કરવા, બનાવવા અને વ્યક્ત કરવા જાગૃત રચના છે. ગળા ચક્ર એ છે કે આપણે કેવી રીતે વ્યક્ત કરીએ છીએ કે આપણે કોણ છીએ તે દુનિયામાં છે. સંસ્કૃત શબ્દ વિશુદી નો અર્થ 'ખાસ કરીને શુદ્ધ છે', જ્યારે આ ચક્ર, ઉલટા, પ્રામાણિક અને અનામત વિના હોય ત્યારે કેવી રીતે ચક્ર ઉચ્ચતમ બને છે તે નિર્દેશ કરે છે. પાંચમું ચક્ર ઉચ્ચ આધ્યાત્મિક ચક્રનું પ્રથમ સોપાન છે. આ ચક્ર ગરદન અને ખભાના પ્રદેશમાં સ્થિત છે. આ ચક્રની શક્તિ સાચું જ્ઞાન, સમય અને જગ્યાની , સાંસ્કૃતિક અને પારિવારિક કન્ડીશનીંગથી આગળ લઈ જવાની પરવાનગી આપે છે. મુખ્ય પડકાર શંકા અને નકારાત્મક વિચારસરણી છે. જ્યારે તમે ધ્યાન અને સીધો અનુભવ દ્વારા તમારા જ્ઞાનને પ્રાપ્ત કરો અને ચકાસો, ત્યારે શંકા અને નકારાત્મકતા દૂર થઈ જાય છે. આકાશ તત્વ, વાદળી રંગ, સોળ કમળ ના પાંદડીઓ, એન્ડ્રોકિન ગ્રંથિ- થાઈરોઈડ અને પેરાથેરાઈડ ગ્રંથિ,શારીરિક જોડાણ- ગળા, કાન, મોં, ખભા અને ગરદન, ૭ -૧૨ વર્ષ વિકાસ તબક્કો,ગ્રહો- બુધ,દેવતા- સદાસિવ. વિશુદી ચક્રનું અસંતુલનથી બોલતા, શરમાળ થવું, શરમિંદગી , મૂંઝવણનો ડર એ આ ચક્રનું એક પાસું છે. જૂઠાણું, મૌખિક રીતે દુરુપયોગ અને ગપસપ કરવું એ અતિશય ચક્રના ચિહ્નો છે. આનાથી થાઈરોઈડની સમસ્યાઓ, ટીએમજે, લેરિન્જાઈટિસ, દાંત અને ગમની સમસ્યાઓ અને ગરદન સખતતા થઈ શકે છે. આ ચક્રને કેવી રીતે સંતુલિત કરવું? વિશુદ્ધિ ચક્ર રાખવા માટે બીજાઓ સાથે અને તમારી સાથે સંપૂર્ણ પ્રમાણિકતા હોવી જરૂરી છે. જર્નલ રાખો અને તમારી લાગણીઓને સંપૂર્ણ પ્રામાણિકતાથી બહાર કાઢવાની મંજૂરી આપે છે, પછી ભલે તમને તેમને શાબ્દિક બનાવવાની તક ન મળે.

**- ચિરાગ શરદકુમાર જાની**

(ક્રમશઃ)

# ચારણ કવિઓની ઉજળી પરંપરાનો એક મણકો : કવિરાજ શંકરદાનજી દેથા




સાહીત્ય સર્જકોની આપણી ઉજળી તથા દીર્ઘ પરંપરામાં ચારણી સાહીત્યના સર્જકોનું પણ એક વિશિષ્ટ સ્થાન છે. સમગ્ર રાજપૂતાના ઈતિહાસમાં અનેક કીર્તિવંત ચારણ કવિઓ જાગૃતિની મશાલ લઈને ઊભા રહેલા દેખાય છે. મશાલચીનું કામ સ્વેચ્છા તથા સ્વબળે કરવામાં અનેક વખત આ કવિઓ સત્તાધિશોની ખફગીનો ભોગ પણ બન્યા છે. આવા જોખમનો સંપૂર્ણ ખ્યાલ હોવા છતાં ચારણ કવિઓએ નેક અને ટેકની જાળવણી માટે આત્મબળના આધારે તેમજ જગદંબાની શ્રધ્ધાના બળે સ્વાભિમાન તથા સમર્પણના સૂર છેડ્યા છે. જો રાજ્યના સ્વમાન માટે પોતાપણાનો ભાવ તથા બલિદાનની તૈયારી ન હોત તો કેશરીસિંહજી બારહઠ્ઠે ઉદેપુરના મહારાણા તથા રાણા પ્રતાપના વંશજ ફત્તેસિંહજી (ઈ.સ. ૧૮૮૪-૧૯૩૦)ને ચેતવણી ન આપી હોત. લોર્ડ કર્ઝને મહારાણા ફત્તેસિંહજીને દિલ્હીની સભામાં હાજર રહીને બ્રિટીશ સત્તાની મહત્તા સ્વીકારવા સમજાવી લીધા. પરંતુ રાજ્યકવિ કેશરીસિંહજીને આ વાત સાંભળીને આઘાત લાગે છે. ફત્તેસિંહજી લોર્ડ કર્ઝન પ્રેરીત આ સભામાં હાજર રહે તો સમગ્ર રાજપૂતાનાને વિદેશી શાસકોની જોરતલખી માન્ય છે તેવું સિધ્ધ થાય. કવિ કેશરીસિંહજી ઠાકુરને મા શારદાના પ્રતાપે કાવ્યતત્વ તેમજ રાજનીતિ એમ બન્નેની ઊંડી સૂઝ છે. આથી પોતાના પ્રિય રાજવીને ચેતવણીના દુહાઓ લખી દિલ્હી જવા સામે ચેતવે છે. કવિ કહે છે કે આપણી શાન એ આપણાં સ્વાભિમાનમાં રહેલી છે. કોઈની કૃપા મેળવીને રાજ્યની શાન જાળવવાનો વિચાર નિરર્થક છે. આથી ઉદેપુરના તે સમયના રાજ્યકવિ ઠાકુર કેસરીસિંહજી મહારાણા ફત્તેસિંહજીને લખે છે :

" માન મોદ સિસોદ
રાજનીતિ બલ રાખણો,
(ઇ) ગવરમેન્ટરી ગોદ,
ફળ મીઠા દીઠા ફતા. "

સ્વભાવિક રીતેજ કવિની ધારદાર વાણીથી ફત્તેસિંહજીનું શિથિલ થયેલું સ્વાભિમાન જાગ્યું. દિલ્હી તરફની યાત્રા શરૂ કરી હોવા છતાં તેઓ લોર્ડ કર્ઝન આયોજિત દરબારમાં ઉપસ્થિત ન રહ્યા. મેવાડ તથા રાણાનું સ્વમાન તો જળવાયું પરંતુ કવિ તથા તેમના કુટુંબીજનો ઉપર ગોરી સરકારે અન્યાયી રીતો પ્રયોજીને અનેક પ્રકારની આફતો ખડી કરી. સ્વાભિમાનના બળે તથા સંસ્કારગત ખમીરને કારણે કવિ કુટુંબે આ આકરા ઘાવ હસતા મુખે ઝીલી લીધા. સત્ય કહેવાની ભારે કિંમત કવિરાજાએ ચૂકવી.

સર્જકોની આવી ઉજળી પરંપરામાં લીંબડી (જિ. સુરેન્દ્રનગર) કવિરાજ શંકરદાનજી દેથાનું અનોખું સ્થાન છે. તેઓ પણ તેમના નિડર વ્યક્તિત્વ માટે જાણીતા હતા. બ્રિટીશ સત્તાના પ્રભાવ હેઠળ પોતાને સલામત સમજનાર કેટલાક રાજવીઓને શંકરદાનજી કહે છે કે તમે સૌ પતંગ રૂપે ઉડો છો પરંતુ બ્રિટીશ સત્તાની દોર ઉપર તમારી સલામતીનો આધાર છે. એકવાર બ્રિટીશ કૃપાની આ દોર તુટી જશે તો તમે જમીન પર પછડાઈને વેરણછેરણ થઈ જશો. તમારો ખેલ ખતમ થશે. કારણ કે તેમાં આત્મબળનો અભાવ છે. કવિરાજ તેમના અસરકારક શબ્દોમાં લખે છે :

પાર્થિવ વર્ગ પતંગ ઈવ,
કરી લ્યો મોજ વિલાસ,
કૃપા દોર બ્રિટીશ કો
તૂટ્યે ખેલ ખલાસ.

લીંબડીના રાજ્યકવિ શંકરદાનજી દેથા શાસ્ત્રીય ઢબે, કાવ્યશાસ્ત્ર – છંદશાસ્ત્રની મર્યાદામાં રહીને ઉત્તમ રચનાઓની સમાજને ભેટ આપનાર મોટા ગજાના કવિ હતા. વ્રજભાષા પાઠશાળા ભૂજમાં તેમણે ડિંગળ તથા પિંગળનો અભ્યાસ કર્યો હતો. શાસ્ત્રોની બાબતો, સમૃધ્ધ સમાજ જીવનની વિગતો તથા ભક્તિના અખંડ સુરની કવિતાઓની રચનામાં કવિરાજનું મૂઠી ઊંચેરું સ્થાન છે. ભક્તકવિ ઈસરદાસજી તથા સાયાજી ઝૂલાની પંગતમાં બસી શકે તેવી બળુકી કાવ્યશક્તિ ધરાવનાર આપણાં આ મહાકવિ હતા. છેલ્લા પાંચ-સાત દાયકાના ગાળામાં ચારણી સાહિત્યની અખંડ આરાધના કરીને સમાજમાં પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર ઉપાસકોમાં કવિ કાગ (ભગતબાપુ), શંકરદાનજી તથા મેરૂભાનું નામ ચોકકસ આપી શકાય.


લીંબડીના રાજ્યકવિ થવાનું સન્માન શંકરદાનજીને યુવાન વયે જ મળ્યું હતું. તેમના કેટલાક પ્રકૃતિગત ગુણોને કારણે તેમના વ્યક્તિત્વની એક અનોખી છાંટ હતી, તેનો અલગ પ્રભાવ હતો. મધ્યયુગના કેટલાક પ્રેરણારૂપ જીવન જીવી જનાર ચારણ કવિઓના ગુણો જેવા કે નિર્ભયતા, ઉદારતા તથા કોઈપણ સ્થિતિમાં સત્યવક્તા રહેવાના સદગુણો કવિરાજના વ્યક્તિત્વના સહજ પાસા હતા.

આઠ દાયકાનું અર્થપૂર્ણ જીવન જીવી જનાર આ કવિએ જીવનના અનેક ઉતાર-ચઢાવ જોયા, અનુભવ્યા. જયારે પણ સંઘર્ષ કરવાનો ધર્મ બજાવવાનો આવ્યો ત્યારે તેમ કર્યુ પરંતુ સંઘર્ષમાં પણ સમતા અને સ્વસ્થતાની અખંડ જાળવણી કરી. માત્ર ૧૨ વર્ષની કિશોરવયે ભૂજની વૃજભાષા પાઠશાળામાં સાહિત્યની સાધના – ઉપાસના કરવા ગયા. વિધિની ગતિ ન્યારી છે. અભ્યાસ પૂર્ણ થાય તે પહેલા પાછા આવવું પડ્યું. છતાં પણ પાઠશાળાનો આ અભ્યાસ તથા ત્યારબાદ તેમણે કરેલી સાહિત્યની આજીવન ઉપાસનાને કારણે તેમની રચનાઓમાં એક અલગ ભાવ, કક્ષા અને કવિત્વના ચમકારા સહેજે જોઈ શકાય તેવા છે. જીવનમાં ખૂબ કીર્તિ મેળવી પરંતુ ધરતી સાથે, પોતાના સંસ્કાર સાથેનું જોડાણ કયારે પણ ઢીલુ થવા દીધું નહિ. કેટલાયે દીન-દુખીયાઓ માટે "કબીરા ભગત" બનીને વિવેકપૂર્વક અન્નદાતા બનીને જીવ્યા. તેમણે નીચેના શબ્દો માત્ર લખ્યા ન હતા, તે મુજબ જીવન જીવી બતાવ્યું હતું.

નિત રટવું હરનામ, દેવા અન્ન ધન દીનને
કરવા જેવા કામ, સાચા ઈ બે શંકરા.

રાજ્યકવિ શંકરદાનજી દેથા તેમની પ્રભાવી વાણી તથા સત્યનિષ્ઠા માટે હમેશા આપણી સ્મૃતિમાં જીવંત રહેશે.

# કાયદાભંગ કરીને ગુનો કબૂલી સજા માગવામાં ય ગાંધી અજોડ






**દરિયા કિનારે રહેનારો મીઠું ના પકવી શકે? સવાલ ગાંધીનો**

મીઠાના કાયદા સામે વિરોધ વ્યક્ત કરવા ગાંધીજીએ સાબરમતી આશ્રમ અમદાવાદથી ૭૯ સૈનિકો સાથેની દાંડીકૂચ કરી હતી. અને દાંડીના દરિયાકાંઠે મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો. મીઠાના કાયદાનો ભંગ એ અન્યાયી કાયદા સામે વિરોધનો સંકેત હતો અને રંકથી માંડીને રાયને સ્પર્શતા અમાનુષી કર સામે પ્રજાને શાંત અને અહિંસક માર્ગે સંગઠીત કરવાનો એક વિચાર તેમાં હતો. એવું નથી કે માત્ર ગાંધીજીએ જ આ કાયદા સામે વિરોધ કર્યો હતો. આ એવો અમાનુષી કાયદો હતો કે એક અંગ્રેજ વાઈસ રોયથી માંડીને અનેક અંગ્રેજ અધિકારીઓએ પણ તેનો વિરોધ કર્યો હતો. મહાદેવભાઈ દેસાઈએ 'સબરસ સંગ્રહ' નામની એક પુસ્તિકા તૈયાર કરી છે. આ પુસ્તિકામાં તેમણે જે અધિકારીઓએ મીઠાના કાયદા સામે લોકશક્તિને દાંડીકૂચના માધ્યમથી જોડીને પ્રત્યક્ષ વિરોધ વ્યક્ત કર્યો.

ગાંધીજીને આપણે એક જનનેતા તરીકે જોઈએ તો એક વાત ઉડીને આંખે વળગે એવી એ છે કે તેમણે અંગ્રેજ સરકાર સામે વિરોધ કર્યો હોય એવા અનેક પ્રસંગોમાં કાયદાનું પાલન કરવાની 'ના' ભણી હોય તેવું બહુ ઓછું બન્યું છે. ગાંધીજીએ એક સાદો પ્રશ્ન જ ઉઠાવ્યો, દરિયા કિનારે રહેનારો જ મીઠું ન પકવી શકે ? આ તો કેવો કાયદો ? આ પ્રશ્ન સમજવા જેવો છે. દુનિયાના કોઈ પણ દેશ અને એના પ્રદેશની ભોજન-ખોરાકની ટેવ જોઈએ તો તેના ભોજન થાળીમાં એ વિસ્તારમાં પેદા થતી કૃતિ કે દરિયાઈ કે જંગલ જળ ઉપજ જોવા મળે છે. ગુજરાતની જ વાત લીએ તો મધ્યગુજરાત - ઉત્તર ગુજરાત કે કચ્છ-સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના ગુજરાતીઓના ભોજનમાં જાડા ધાન તરીકે મકાઈ, જુવાર, ચોખા-ઘઉંનો ઉપયોગ થાય છે. જો આપણે શાકાહાર અને માંસાહારના સંદર્ભે જોઈએ તો પણ એમાં વૈવિધ્ય જોઈ શકાય છે પરંતુ ભારતીય હોય કે વિદેશી તેમની ભોજન ટેવ ગમે તે હોય મીઠું તેમાં લઘુત્તમ સામાન્ય અવયવ રૂપે અવશ્ય હોય જ. ભોજનમાં મીઠાની હાજરી ભોજનને સ્વાદિષ્ટ વ્યંજન બનાવી દે છે અને ગેરહાજરી? ગમે તેટલા મરી-મસાલા પણ મીઠાની હાજરીમાં ચાલી શકે નહીં. આ સમજણ ગાંધીમાં હતી આથી તેમણે પોતાના જ સાથીઓના વિરોધ છતાં મીઠા કર સામે વિરોધ વ્યક્ત કરવા માટે દાંડીકૂચનો નિર્ણય લીધો હતો. મીઠું એવી ચીજ હતી કે આબાલ-વૃદ્ધ, રંક-રાય સહુ કોઈને એની જરૂરિયાત અચૂક રહેતી હતી. એથી જ મહાત્મા ગાંધીએ દાંડીકૂચ કરીને ચપટી મીઠું ઉપાડીને અમાનુષી કાયદા સામે વિરોધ વ્યક્ત કરતા કહ્યું કે 'બ્રિટીશ સલ્તનતના પાયામાં લૂણો લગાડું છું.' - આ એક જ વાક્ય પણ ગાંધી કેટલું બારીકાઈથી શબ્દોમાં રજૂ થાય છે એ પણ જોવા જેવું છે. ઓછા શબ્દોમાં સામેવાળાને સમજાવવાની રીત તો ગાંધીની આગળ ખાસિયત હતી. એમને પત્ર લખનારને એ અવશ્ય જવાબ આપતા જ હતા તો ઘણા બધાને એ સામેથી પત્ર પણ લખતા હતા. આ પત્રોની ભાષા તો સાવ સરળ રહેતી હતી સાથે શબ્દો પણ ઓછા રહેતા હતા. પણ જે સંદેશો આપવો હોય એ સ્પષ્ટ રહેતો હતો. એટલે જ ગાંધી 'અસરકારક પ્રત્યાયક' તરીકે આજે પણ વિશ્વભરમાં ઓળખાય છે.

ગાંધીજી સરકાર સામે આજીવન લડ્યા અને આઝાદી અપાવી. પરંતુ તેમ છતાં તેમણે સરકારના કાયદાનું પાલન કરવાનો નનૈયો ભણ્યો હોય એવા ઓછા દાખલા છે. સમાજ, કાનૂનીકરણ અને સરકારની વ્યવસ્થાનો તેઓ એક જનસમૂહના નેતા તરીકે નહીં પણ એક નિસ્બત ધરાવતા નાગરિક તરીકે સ્વીકારતા હતા. હા, કાયદો જો સામાન્ય માણસ માટે બાંધનકર્તા હોય તો તેઓ કાયદાનો વિરોધ અચૂક કરતા હતા. અને સામે પક્ષે સરકાર કાયદાના ભંગ બદલ કાર્યવાહી કરે તો એનો જ સ્વીકાર કરતા જે સજા થાય તે ભોગવવા તત્પર રહેતા હતા. ૧૯૧૫માં ગળીને ડાઘ દૂર કરવા માટે પ્રયત્નશીલ બન્યા ત્યારે તેમને સ્થાનિક અંગ્રેજ અધિકારીએ તડીપાર કરવાનો આદેશ કર્યો હતો. ભારતમાં ગાંધીજીને પહેલવહેલી વાર મળેલા આ તડીપારના આદેશને નમ્રતાપૂર્વક હું આ હુકમને નહીં માનું, કાયદાની અવજ્ઞા કરીશ એવો જવાબ આપ્યો હતો, અને બીજે દિવસે તેમણે કોર્ટ કાર્યવાહી શરૂ થતાં જ તેમણે ન્યાયાધીશને કહ્યું : વખત બગાડવાની જરૂર નથી. હું મારો ગુનો કબૂલ કરું જ છું. મને સજા કરો. ગાંધીજીમાં આ વિશેષતા હતી.